


**જનસેવા એજ પ્રભુસેવા'......**

ગરમીના પ્રકોપથી જીવન બચાવવા હિંમતનગર નગરપાલિકા સંચાલિત મિનરલ ઠંડા પાણીની પરબ, પક્ષીઘર અને અબોલ પશુ-પક્ષીઓ માટે પાણીના કુંડ જેવા સેવાકાર્યોનું માનનીય ધારાસભ્ય વી ડી ઝાલાજી સાથે ઉપસ્થિતિ રહી ઉદ્‌ઘાટન કર્યું.

# મોડાસાની દુર્ઘટનામાંથી બોધપાઠ, ૨ ગોડાઉન, ૭૨ પરવાનેદારોના ત્યાં ટીમો પહોંચી

**સાબરકાંઠા કલેક્ટર દ્વારા ફટાકડાના ગોડાઉન, પરવાનેદારોના ત્યાં સુરક્ષાની સ્થિતિ ચકાસવા આદેશ : એક્સપ્લોઝીવ રુલ્સ-૨૦૦૮ના નિયમોનું ઉલ્લંઘન હશે તો પરવાના રદ થશે : ૪ પ્રાંત અધિકારી અને ૮ મામલતદારોને તપાસ કરવાની સૂચના અપાઈ**





બાયડ તા.૨૨

મોડાસામાં ફટાકડાના ગોડાઉનમાં લાગેલી અતિભીષણ આગ અને ૪ કામદારો જીવતા ભૂંજાઈ જવાની દુર્ઘટનાના રાજ્યમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે ત્યારે સાબરકાંઠા કલેક્ટર દ્વારા જિલ્લામાં આવેલા ફટાકડાના બે ગોડાઉન તેમજ ૭૨ પરવાનેદારોને ત્યાં સુરક્ષાની સ્થિતિ ચકાસી તાકીદે રિપોર્ટ રજૂ કરવા જણાવ્યું છે. એક્સપ્લોઝીવ રુલ્સ-૨૦૦૮ના નિયમોનું ઉલ્લંઘન થશે તો તાત્કાલિક અસરથી પરવાનો રદ થશે. હિંમતનગર, ઈડર, પ્રાંતિજ અને ખેડબ્રહ્મા પ્રાંત અધિકારીને સ્થળ ઉપર જઈ તપાસ કરવા અને વહેલી તકે રિપોર્ટ મોકલવા સૂચના આપી દેવામાં આવી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં ગેરકાયદે ફટાકડાના વેપારને ભ્રષ્ટ સરકારી બાબુઓના છૂપા આશીર્વાદ મળતા આવ્યા છે જેના કારણે પ્રજાની સુરક્ષા અનેકવાર કોરાણે મૂકાય છે. ખાસ કરીને દિવાળીના તહેવારો દરમ્યાન પરવાના અપાયા હોય તેના કરતાં વધુ ફટાકડાના સ્ટોલ ઉભા થવા અને નિયમોનું ઉલ્લંઘન થવાની ફરિયાદો તંત્ર સમક્ષ થતી આવી છે પરંતુ કોઈ કારણોસર પગલાં ભરવામાં વહીવટી તંત્ર અને પોલીસ તેમજ નગરપાલિકાના શાસકો નિષ્ફળ રહ્યા છે. ત્યારે ગત રોજ મોડાસાના લાલપુરકંપાના સીમાડામાં આવેલી ફટાકડાનો સંગ્રહ કરતા ગોડાઉનમા કથિત રીતે વેલ્ડીંગ સમયે આગ ફાટી નિકળતાં ૪ કામદારો જીવતા ભૂંજાયા હતા. તંત્ર દ્વારા ગોડાઉન માલિક સામે સદોષ માનવ વધનો ગુનો નોંધાયો છે ત્યારે અરવલ્લીની કરુણ દુર્ઘટના પછી સાબરકાંઠા કલેક્ટર એન.એન.દવે એક્શનમાં આવ્યા છે. તેઓએ તાબડતોબ જિલ્લામાં ફટાકડાના ગોડાઉન તેમજ ફટાકડાના કાયમી પરવાનેદારોના ધંધાના સ્થળે સલામતી વ્યવસ્થાની ચકાસણી કરી રિપોર્ટ જિલ્લા કક્ષાએ મોકલવા તમામ પ્રાંત અધિકારી અને તેમના તાબાના મામલતદારોને સૂચના આપી દેવામાં આવી છે. જિલ્લામાં હોતી હૈ, ચલતી હૈ ની જેમ અનેક ફટાકડાના પરવાનેદારો માનવ વસતીનો વિચાર કર્યા વગર ધંધો કરતા હતા તેમના ઉપર હવે નવા કલેક્ટરની કડકાઈના કારણે અંકુશ આવશે તેવું હાલ જણાઈ રહ્યું છે.

**સલામતી અંગે કોઈ બાંધછોડ નહીં - જિલ્લા કલેક્ટર**

સાબરકાંઠા કલેક્ટર એન.એન.દવેએ જણાવ્યું કે અરવલ્લીની દુર્ઘટના પછી જિલ્લામાં આવેલા કાયમી ફટાકડાના પરવાનેદારો તેમજ ફટાકડાના ગોડાઉનમાં એક્સપ્લોઝીવ રુલ્સ-૨૦૦૮ના નિયમનું પાલન થાય છે કે કેમ ?? તેની ચકાસણી કરવા પ્રાંત અધિકારી અને તાબાના મામલતદારોને સૂચના અપાઈ છે. તેમના ચકાસણી રિપોર્ટ પછી જો માપદંડો ઉપર કોઈ ખરુ ઉતરતું નહીં હોય તો તેમના પરવાના તાત્કાલિક અસરથી રદ કરાશે.

**જિલ્લામાં ફટાકડાના ૭૨ કાયમી પરવાનેદાર**

| તાલુકો | પરવાનેદાર |
|---|---|
| હિંમતનગર | ૨૯ |
| ઈડર | ૧ |
| પ્રાંતિજ | ૧૧ |
| ખેડબ્રહ્મા | ૫ |
| તલોદ | ૦૩ |
| વિજયનગર | ૬૦ |
| પોશીના | ૦૧ |

# પાલનપુરના સમાજ કલ્યાણ અધિકારી રૂપિયા ૧૦ હજારની લાંચ લેતા ફસાયા

**સરકારી ગ્રાન્ટ પાસ કરવા અને ખામી ન કાઢવા લાંચ માંગી હતી**



પાલનપુર તા.૨૨

બનાસકાંઠા જિલ્લામાં એસીબી વિભાગ ભ્રષ્ટાચારીઓને ડામવા માટે એક્શન મોડમાં આવ્યું છે. ત્યારે પાલનપુરના વર્ગ-૨ ના સમાજ કલ્યાણ અધિકારી ?૧૦,૦૦૦ ની લાંચ માંગતા ઝડપાઈ ગયા છે. આ અધિકારીએ છાત્રોના નિભાવ માટે મળતી સરકારી ગ્રાન્ટ પાસ કરવા અને તેમાં કોઈ ખામી ન કાઢવા માટે લાંચ માંગી હતી. પરંતુ એસીબીના છટકામાં ફસાઈ ગયા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુરમાં વર્ગ-૨માં સમાજ કલ્યાણ અધિકારી અમિત નરેન્દ્રભાઈ પટેલ ફરજ બજાવે છે. જેમાં આ અધિકારી સામે એક જાગૃત નાગરિકે લાંચ માગવામાં આવતી હોવાની એસીબી પોલીસમાં ફરિયાદ કરી હતી. આ જાગૃત નાગરિક સરકારી ગ્રાન્ટેડ છાત્રાલય ચલાવે છે. જેના માટે સરકાર દ્વારા છાત્રોના નિભાવ માટે ગ્રાન્ટ મળે છે. આ ગ્રાન્ટ પાસ કરાવવા અને તેમાં કોઈ ખામી ન કાઢવા માટે સમાજ કલ્યાણ અધિકારી અમિત પટેલે ?૧૦,૦૦૦ ની લાંચ માંગી હતી. જે ફરિયાદી આપવા માંગતા ન હતા. જેથી તેમને એસીબીમાં આ અંગેની ફરિયાદ નોંધાવી હતી. જેને લઈને એસીબીના પોલીસ ઈન્સ્પેકટર એન. એ. ચૌધરીએ થરાદ ચાર રસ્તા, ભાભર રોડ, થરાદ ખાતે લાંચના છટકાનું આયોજન કર્યું હતું. જેમાં સમાજ કલ્યાણ અધિકારી અમિત પટેલ ?૧૦,૦૦૦ ની લાંચ લેતા સપડાઈ ગયા હતા. જેથી એસીબીએ લાંચની રકમ રૂપિયા ૧૦,૦૦૦ તેમની પાસેથી રિકવર કરીને અટકાયત કરી હતી, અને લાંચ રૂશ્વત ધારા હેઠળ તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી હતી. એસીબી પોલીસે લાંચિયા અધિકારી અમિત પટેલને રું.૧૦ હજારના લાંચના છટકામાં ઝડપી લઈ તેના નૂતન સ્કૂલ રોડ, વિજયપરું, વિસનગર, જી. મહેસાણા ખાતે ઝડતી કરતા રોકડા રું.૨૭,૮૩,૪૪૦ મળી આવ્યા હતા.જે બાબતે આરોપીની પૂછપરછ કરતાં સંતોષકારક ખુલાસો કરી શક્યા ન હતા.જેથી તે રકમ એસીબીએ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા એસીબી પોલીસે પાલનપુર સમાજ કલ્યાણ અધીકારીને રું.૧૦ હજારની લાંચમાં ઝડપી લઈ ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ગજેન્દ્રસિંહ પરમારનો ગુજરાત સરકારમાં પંચાયતી રાજ સમિતિમાં સમાવેશ



પ્રાંતિજ તા.૨૨

પ્રાંતિજ તલોદ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર નો ગુજરાત સરકારમાં પંચાયતી રાજ સમિતિ માં સમાવેશ કરતા ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર એ ગુજરાત સરકાર નો આભાર માન્યો હતો. પ્રાંતિજ તલોદ ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર નો પંચાયતી રાજ સમિતિ માં સમાવેશ થતાં પ્રાંતિજ અને તલોદ ના કાર્યકર્તાઓ માં ખુશી જોવા મળી હતી અને પ્રાંતિજ અને તલોદ તાલુકાના કાર્યકર્તાઓ એ રૂબરૂ મુલાકાત લઈ શુભેચ્છાઓ પાઠવી હતી અને ધારાસભ્ય એ સૌ કોઈ કાર્યકર્તાઓ નો આભાર માન્યો હતો.

**ગાડી લેવા દશ લાખની દહેજની માંગણી કરી**

# હડમતીયાની ભાણી ને તેના પતિ દ્વારા દશ લાખની દહેજની માંગણી કરી કાઢી મુકી

**શારીરિક માનસિક ત્રાસ આપી ઘરમાંથી કાઢી મુકતા પરણિતા મામાના ઘરે આવી ગઈ : પતિ, સાસુ, નણંદ, ફોઈજી સામે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ થઈ**

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના હડમતીયા ની ભાણી ને તેના પતિ દ્રારા ગાડી લાવવા દશ લાખ ની દહેજ ની માંગણી કરી શારીરિક માનસિક ત્રાસ આપી ઘર માંથી કાઢી મુકતા પરણિતા મામાના ઘરે આવી ચાર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા ના બિલમણા ની દિકરી અને પ્રાંતિજ તાલુકાના હડમતીયા ખાતે નાનપણ થીજ મામા ના ઘરે રહેતા આરતી બેન ના લગ્ન અમદાવાદ ખાતે રહેતા પરીક્ષિત ઉર્ફે રાહુલજી બકાજી ઠાકોર સાથે સમાજ ની રીતરીવાજ મુજબ થયા હતા અને લગ્ન ના બે વર્ષ પછી આરતીબેન ને તેના પતિ પરીક્ષિત તથા સાસુ બેબીબેન દ્રારા કોઈ પણ રીતે કોઈ પણ કામને લઈ ને હેરાન પરેશાન કરતા અને પતિ પરીક્ષિત દ્રારા અવારનવાર મારઝૂડ કરતો તથા તથા નણંદ તેજલબેન ઉર્ફે મીનાક્ષી બેન તથા ફોઈજી કેશર બેન દ્રારા આરતી બેન ના પતિ પરીક્ષિત ને ખોટી રીતે ચઢામણીઓ કરતા જેથી તેનો પતિ પરીક્ષિત દ્રારા આરતી બેન ને શારીરિક માનસિક ત્રાસ આપતો અને બધાભેગા મળી આરતી બેન ને કહેતા કે તારા બાપના ઘરે થી કઈ નથી લાવી જેથી નવીગાડી લેવી હોય તારા બાપના ઘરેથી દશ લાખ રૂપિયા લઈ આવ તેમ કહી આરતી બેન ને ઘર માંથી કાઢી મુકતા આરતી બેન પોતાના મામા ના ઘરે આવી જઈ ને પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પતિ પરીક્ષિત ઉર્ફે રાહુલજી બકાજી ઠાકોર તથા સાસુ બેબીબેન બકાજી ઠાકોર બન્ને જણા રહે ૧૮-સોહમ સોસાયટી થલતેજ ટેકરા અમદાવાદ તથા નણંદ તેજલબેન ઉર્ફે મીનાક્ષી ગૌતમજી ઠાકોર તથા ફોઈજી કેશર બેન દિલીપજી ઠાકોર બન્ને રહે શેરથા તા.ગાંધીનગર જિ ગાંધીનગર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે પરણિતા ની ફરિયાદ ને લઈ ને ચાર વિરૂધ્ધ આઈપીસીકલમ ૪૯૮એ, ૩૨૩,૧૧૪ તથા દહેજ પ્રતિબંધક કલમ-૪ મુજબ ગુનોનોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

# પ્રાંતિજ સહિત તાલુકામાં ખેડૂતો દ્વારા અખાત્રીજ મુહૂર્ત કરી ખેતીના શ્રી ગણેશ કર્યા





પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકા માં ખેડૂતો દ્વારા અખાત્રીજના શુભ મુહૂર્ત માં ખેતી ના શ્રી ગણેશ કર્યા અખાત્રીજ ના દિવસ ને લઈને પ્રાંતિજ સહિત તાલુકામાં ખેતી કરતા ખેડૂતો દ્વારા પોતાના ખેતરો માં જઈ ને ભૂમિ પૂંજા કરી બળદ ની પુંજા કરી ખેતર મા ખેડ કરી આજથી ખેતી ની શુભ શરૂઆત કરવામાં આવી હતી તો આજે ખેતરોમાં બીજ ની પણ રોપણી કરવામાં આવી હતી તો ખેતી કરતા ખેડૂતો માટે આજ નો દિવસ પણ ખેતી માટે મહત્વ નો દિવસ હોય છે .

# ધડકણ ખાતે આવેલ પંચદેવ મંદિરનો ૨૫મો પાટોત્સવ ધામધૂમ પૂર્વક યોજાયો

**૩૧ યજમાનોએ ધર્મલાભ લીધો :ભજન ડાયરાનુ સુંદર આયોજન**

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના ધડકણ ખાતે આવેલ પંચદેવ મંદિર નો ૨૫ મો પાટોત્સવ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામા આવી પ્રાંતિજ ના ધડકણ ખાતે આવેલ પંચદેવ મંદિર નો ૨૫ મો પાટોત્સવ ની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામા આવી હતી જેમા ૩૧ યજમાનોએ ધર્મ લાભ લીધો હતો તો દરવર્ષ ની જેમ આ વર્ષેપણ મંદિર વ્યવસ્થાપક કમિટી ના સભ્યો દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ તો ધડકણ ગામ સહિત આજુ બાજુમા રહેતા ધર્મ પ્રેમી લોકોએ ધર્મ લાભ લીધો હતો.

# પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની ઉજવણી ધામધૂમથી કરાઈ

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની ઉલ્લાસ ભરે ઉજવણી કરવામાં આવીહતી અને ધંધારોજગાર બંધ પાડી એક બીજાને ભેટીને ઈદ મુબારક પાઠવવામાં આવ્યા હતાં



છેલ્લા એક મહિનાથી મુસ્લિમ બિરાદરો રોઝા રાખી ખુદાની બંદગી કરી વહેલી સવારથી લઈને મોડી સાંજ સુધી અન્ન પ્રાણીનો ત્યાગ કરી સમગ્ર માસ દરમ્યાન મુસ્લિમ ભાઈ-બહેનો ઈબાદતામાં વ્યસ્ત રહેછે રોઝા રાખવાની સાથે જ કુરાન પઠન કરે અને રાત્રીના સમયે અદા કરાતી તરાવીહની ખાસ નમાઝ નું આ માસ દરમ્યાન ખુબ મહત્વ હોયછે જયારે ઈદની નમાઝ સાથે જ ઉજવણી નો પ્રારંભ થાયછે અને એકબીજા ને ભેટી ને ઈદ મુબારક પાઠવવામાં આવેછે અને એક બીજા ના ઘરે જાય છે તો મુસ્લિમ અગ્રણી રહિશભાઈ કસ્બાતી એ પણ મુસ્લિમ બિરાદરો ભાઈ-બહેનો ને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી ત્યારે પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ દ્રારા મુસ્લિમ બિરાદરો ને ઈદ ની શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી અને વ્હોરવાડ વિસ્તાર મા જઈ ને મુસ્લિમ બિરાદરોને હાથ મિલાવી ગળે મળી ને ડોરટુ ડોર મુસ્લિમ બિરાદરોને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો પ્રાંતિજ સિનિયર સિટીઝન મંડળ પ્રમુખ સહિત સભ્યો દ્રારા પણ રઈશભાઈ કસ્બાતી ના ઘરે જઈને ઈદની શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# શામળિયા ઠાકોરના દર્શન સાથે સફાઈ અભિયાન : અરવલ્લી જીલ્લાના અધિકારીઓ-પદાધિકારીઓનું શામળાજીમાં સ્વચ્છતા અભિયાન





મોડાસા, તા. ૨૨

યાત્રાધામ સફાઈ અભિયાન અંતર્ગત આજે રાજ્યભરના વિવિધ યાત્રાધામ ખાતે સફાઈ અભિયાન શરૂ કરવામાં આવ્યું ત્યારે અરવલ્લી સ્થિત સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું શામળાજી મંદિર પરિસર અને માર્ગો પર જીલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓએ ઝાડુ પકડી સ્વચ્છતા અભિયાનમાં જોડાતા સ્થાનિકો અને શ્રદ્ધાળુઓએ સરાહના કરી હતી જો કે સ્વચ્છતા અભિયાન એક દીવસ પૂરતું ફોટો શેશન તો નહીં બની રહે તેવી ચર્ચાનો દોર ચાલ્યો હતો. અરવલ્લી જીલ્લાના નાગરિકોને તથા સેવાભાવી સંસ્થાઓને ગરિમા અને પવિત્રતાના ભાગરૂપે શામળાજી તીર્થધામને સ્વચ્છ બનાવવાના સફાઈ અભિયાનમાં જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણ, ભિલોડા ધારાસભ્યશ્રી પી. સી. બરંડા સહભાગી બનીને સફાઈ અભિયાનની શરૂયાત કરવામાં આવી.જેમાં શામળાજી પરિસર સહિત આસપાસના વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. સેવા અને શ્રમનું દાન કરી પ્રભુની અસીમકૃપા મેળવવા જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારિક, જિલ્લા વિકાસઅધિકારી કમલ શાહ, ઢઇઢછ ડાયરેક્ટર આર. એન. કુચારા સહીત અધિકારીઓ અને જિલ્લાના પદાઅધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.અને જિલ્લાના નાગરિકોને સફાઈ માટે અનુરોધ કરવામાં આવ્યો હતો.